# ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ, ગાંધીનગર

## અખબારી યાદી

ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડની અખબારી યાદી જણાવે છે કે, શૈક્ષણિક વર્ષ ૨૦૨૫-૨૬ માટે ધોરણ-૧૦ અને ધોરણ-૧૨ના નીચે મુજબના વિષયોના પ્રશ્નપત્રોમાં ચિત્ર/આકૃતિ/ગ્રાફ/નકશા આધારિત પ્રશ્નોમાં દ્રષ્ટિહીન વિદ્યાર્થીઓ માટે વૈકલ્પિક પ્રશ્નો આપવાના થાય છે. આ પ્રશ્નો અંગેની સૂચનાઓ નીચે દર્શાવેલ વિષયોના પ્રશ્નપત્ર પરિરૂપ તેમજ નમૂનાના પ્રશ્નપત્રમાં દર્શાવવામાં આવેલ છે.

| ક્રમ | ધોરણ-૧૦ | ધોરણ-૧૨ (સા.પ્ર.) | ધોરણ-૧૨ (વિ.પ્ર.) |
|---|---|---|---|
| ૧ | ગણિત (સ્ટાન્ડર્ડ) | અર્થશાસ્ત્ર | ગણિત |
| ૨ | ગણિત (બેઝિક) | વાણિજ્ય વ્યવસ્થા અને સંચાલન | રસાયણ વિજ્ઞાન |
| ૩ | સામાજિક વિજ્ઞાન | આંકડાશાસ્ત્ર | ભૌતિક વિજ્ઞાન |
| ૪ | અંગ્રેજી (દ્વિતીય ભાષા) | મનોવિજ્ઞાન | જીવવિજ્ઞાન |
| ૫ | વિજ્ઞાન | ભૂગોળ | અંગ્રેજી (દ્વિતીય ભાષા) |
| ૬ | - | તત્વજ્ઞાન | - |
| ૭ | - | અંગ્રેજી (દ્વિતીય ભાષા) | - |

ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડના તા.૨૮/૦૮/૨૦૨૫ના પત્રથી તમામ જિલ્લા શિક્ષણાધિકારીશ્રીઓ મારફતે ઉપરોક્ત વિષયોના પ્રશ્નપત્ર પરિરૂપ તેમજ નમૂનાના પ્રશ્નપત્રો તમામ માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓને જાણ તેમજ અમલ સારુ મોકલી આપવામાં આવેલ છે. આ તમામ વિગતો ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડની વેબસાઈટ www.gseb.org પર પણ અપલોડ કરેલ છે.

ઉક્ત બાબતે તમામ સંબંધિતોએ નોંધ લેવા વિનંતી છે.

સંયુક્ત નિયામક
ગુજરાત માધ્યમિક અને
ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ,
ગાંધીનગર

તા.૨૯/૦૮/૨૦૨૫
સ્થળ:- ગાંધીનગર